# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 19-01-2026 Day: Monday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## પ્રજા સત્તાક પર્વની રાજ્ય કક્ષાની ઉજવણી:

77માં પ્રજાસત્તાક પર્વની રાજ્યકક્ષાની ઉજવણી આ વર્ષે નવરચિત વાવ-થરાદ જિલ્લામાં કરવામાં આવશે. 26 જાન્યુઆરી 2026ના રોજ મલુપુર ખાતે નવી કોર્ટ સામેના હેલીપેડ ગ્રાઉન્ડમાં સવારે 9:00 કલાકે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ધ્વજવંદન યોજાશે. આ પ્રસંગે રાજ્યપાલ પરેડની સલામી ઝીલશે અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ પોલીસ નિદર્શનો રજૂ કરવામાં આવશે.

રાજ્યના અન્ય ભાગોમાં પણ મંત્રીશ્રીઓ ધ્વજવંદન કરાવશે, જેમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અમદાવાદના મકરબા ખાતે અને શ્રમ-રોજગાર રાજ્યમંત્રી કાંતિભાઈ અમૃતિયા ભુજમાં રાષ્ટ્રધ્વજ લહેરાવશે. સમગ્ર રાજ્યમાં દેશભક્તિના માહોલ વચ્ચે જનભાગીદારીથી આ રાષ્ટ્રીય પર્વની ભવ્ય ઉજવણી થશે.

------------------------------------------------------------------------------------------

## CISFની સાયકલોથોન:

કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ – CISF દ્વારા દરિયાકાંઠાની સુરક્ષા અને રાષ્ટ્રીય મજબૂત કરવાના ઉદ્દેશ્ય સાથે આગામી 28 જાન્યુઆરીથી વંદે માતરમ્ કૉસ્ટલ સાયક્લોથોન યોજાશે. આ અંગે પત્રકાર પરિષદને સંબોધતા, CISFના પશ્ચિમી ક્ષેત્રના આઈ.જી. અભિષેક ગોયલે કહ્યું, સુરક્ષિત તટ, સમૃદ્ધ ભારત આ વિષય સાથે આ 25 દિવસની સાયકલ યાત્રા ભારતના મુખ્ય દરિયાકાંઠાના છ હજાર 500 કિલોમીટરથી વધુ અંતરને આવરી લેશે. C.I.S.F.ના સાયકલિસ્ટોની

બે ટીમ એકસાથે પ્રસ્થાન કરશે, જેમાં પશ્ચિમ કિનારે કચ્છમાં આવેલા લખપત કિલ્લાથી અને પૂર્વ કિનારે પશ્ચિમ બંગાળના બખ્ખાલીથી યાત્રા શરૂ થશે.

આ બંને ટીમ વિવિધ દરિયાકાંઠાના શહેરો અને ગામોમાંથી પસાર થઈ 22 ફેબ્રુઆરીએ કેરળના કોચી ખાતે એકત્રિત થશે.

---

## ડીપીએ દ્વારા પરિવહન :

દીનદયાળ પોર્ટ ઓથોરિટી, કંડલાએ ચાલુ નાણાકીય વર્ષમાં સૌથી ઝડપી 125 મિલિયન મેટ્રિક ટન કાર્ગો પરિવહન કરીને નવો ઇતિહાસ રચ્યો છે. હજુ નાણાકીય વર્ષના 72 દિવસ બાકી છે, ત્યારે પોર્ટ પ્રશાસન 172 મિલિયન મેટ્રિક ટનના મહત્વાકાંક્ષી લક્ષ્યાંક સાથે સર્વકાલીન શ્રેષ્ઠ રેકોર્ડ બનાવવા તરફ આગળ વધી રહ્યું છે. DPA ચેરમેન સુશીલ કુમાર સિંહે આ સિદ્ધિ બદલ અધિકારીઓ, શ્રમિકો અને હિસ્સેદારોનો આભાર માન્યો હતો. 'વિકસિત ભારત 2047' ના વિઝન હેઠળ કંડલા પોર્ટને વિશ્વના ટોપ-10 બંદરોમાં સ્થાન અપાવવા માટે અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ક્ષમતા વર્ધન પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે.

---

## ખેડુતો માટે માર્ગદર્શન:

મુંદરાના ખારેક સંશોધન કેન્દ્ર દ્વારા તાલુકાના વિવિધ ગામોમાં રાત્રિ સભાઓ યોજી ખેડૂતોને 'લાલ સુંઢિયા' જીવાત સામે સાવચેત કરવામાં આવ્યા હતા. તાજેતરમાં કમોસમી વરસાદને કારણે આ જીવાતનો ઉપદ્રવ વધતા 100 જેટલા ખેડૂતોને તેના જીવનચક્ર અને નિયંત્રણ અંગે માર્ગદર્શન અપાયું હતું.

સંશોધકોએ જણાવ્યું કે, ખારેકના થડ પાસે પાણી ભરાવા ન દેવું અને નિયમિત તપાસ કરવી જરૂરી છે. નુકસાન અટકાવવા સિસ્ટેમિક જંતુનાશક દવાનો છંટકાવ, ફેરોમેન ટ્રેપનો ઉપયોગ અને અસરગ્રસ્ત થડને ચીકણી માટીથી પેક કરવા જેવી તકેદારી રાખવા અપીલ કરાઈ હતી. આ કાર્યક્રમમાં નિષ્ણાતો દ્વારા ખેડૂતોને જીવાત નિયંત્રણ માટે ફેરોમેન ટ્રેપનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

---

## ભુજમાં જાહેરનામું:

ભુજ સ્વામિનારાયણ મંદિર દ્વારા આયોજિત 'શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવ' અંતર્ગત કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જિલ્લા મેજિસ્ટ્રેટ આનંદ પટેલે જાહેરનામું બહાર પાડ્યું છે. તા. 24/01/2026 સુધી જિલ્લા માહિતી કચેરીથી પૂજા ડાઈનિંગ હોલ સુધીનો રસ્તો વાહનો માટે બંધ રહેશે. વૈકલ્પિક વ્યવસ્થા રૂપે વાહનો બહુમાળી ભવનથી ધીંગેશ્વર મહાદેવ મંદિર સુધીના માર્ગનો ઉપયોગ કરી શકશે. આ જાહેરનામાના ભંગ બદલ પોલીસ અધિકારીઓને કાયદેસરની કાર્યવાહી કરવાની સત્તા સોંપવામાં આવી છે.

---

## ભુજમાં શાકોત્સવ:

ભુજમાં એરપોર્ટ રિંગરોડ સ્થિત નિર્માણાધિન BAPS મંદિરે ઉતરાયણ ઝોળી પર્વ તથા શાકોત્સવ ઉજવાયો હતો. કૃષ્ણપ્રિય સ્વામીએ શાકોત્સવનો મહિમા સમજાવ્યો હતો, જ્યારે 85 બાળકોએ 'સત્સંગ દીક્ષા' ગ્રંથનું સંસ્કૃત મુખપાઠ કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. 4000 થી વધુ હરિભક્તોએ સભા અને મહાપ્રસાદનો લાભ લીધો હતો.

---

## બિદડા સર્વોદય ટ્રસ્ટ:

બિદડા સર્વોદય ટ્રસ્ટ દ્વારા દાતાઓના સહયોગથી 52મા મેડિકલ કેમ્પ અંતર્ગત ચાર દિવસીય કાન-નાક-ગળા શિબિરનું આયોજન કરાયું હતું. આ શિબિરમાં મુંબઈના નિષ્ણાત તબીબો દ્વારા 520 દર્દીઓની તપાસ કરવામાં આવી હતી, જેમાંથી 78 જરૂરતમંદ દર્દીઓની અત્યાધુનિક ઓપરેશન થિયેટરમાં વિનામૂલ્યે શસ્ત્રક્રિયા કરવામાં આવી.

આ ઉપરાંત, 225 દર્દીઓનો ઓડિયોગ્રામ ટેસ્ટ કરી 76 દર્દીઓને વિનામૂલ્યે શ્રવણયંત્રો (કાનનાં મશીન) એનાયત કરાયા હતા. ટ્રસ્ટના ચેરમેન વિજય છેડાએ જણાવ્યું કે અહીં દર

અઠવાડિયે રાહતદરે ENT સેવાઓ અને માસિક શિબિરો યોજાય છે. દાતા પરિવારોએ કેમ્પની મુલાકાત લઈ સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવી હતી.

---------------------------------------------------------------------------------------

<u>**હવામાન:**</u>

કચ્છ જિલ્લામાં છેલ્લા ચોવીસ કલાકમાં લઘુત્તમ તાપમાનમાં થયેલા ઘટાડાને કારણે ઠંડીની તીવ્રતામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. ખાસ કરીને સરહદી નલિયામાં ઠંડીનું જોર વધ્યું છે. આજે નલિયામાં લઘુત્તમ તાપમાન 11.2 ડિગ્રી નોંધાયું છે. જ્યારે જિલ્લા મથક ભુજમાં 15.6 ડિગ્રી અને કંડલામાં 15.5 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાતા જનજીવન પરસ ઠંડીની અસર વર્તાઇ છે. હવામાન વિભાગની આગાહી મુજબ આ સપ્તાહના અંત સુધીમાં તાપમાનમાં હજુ પણ વધુ ઘટાડો થવાની શક્યતા છે જેના પરિણામે કચ્છમાં ઠંડીનું જોર વધુ પ્રબળબની શકે છે.

---------------------------------------------------------------------------------------